જા.ક્ર.:મા-૧/૨૦૨૪/૫૬૧૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૩/૦૫/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા. ૧૭/૦૫/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: COS/૦૧૧૨/૦૫/૨૦૨૪ની જાણ તથા અમલવારી સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

By Mail
અગત્યનું

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,બીજો માળ,સેક્ટર-૧૯,
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:-શાળાઓના પ્રવાસના આયોજન બાબત.
સંદર્ભ:- વહીવટદાર અને અધિક કલેક્ટર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીનોતા.૧૩/૦૪/૨૦૨૪નો પત્ર

પરીપત્ર:

વિશ્વની સૌથી પ્રાચીન ગિરીમાળા એવી અરવલ્લીની ગિરીમાળામાં આવેલ અંબાજીધામ, તાલુકો-દાંતા,જિ.બનાસકાંઠા ખાતે માં જગદંબાનું હૃદય સ્થાન છે. ૫૧ શક્તિપીઠના મંદિરોમાં દરેક શક્તિપીઠનું મહત્વ સ્થાન વિગેરે પણ નિદર્શિત થયેલ છે. જેનાથી બાળકોનાં સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તથા તેઓ સાંસ્કૃતિક મૂલ્યોથી પરીચિત થાય. ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ વિદ્યાર્થીઓને આનંદ સાથે જ્ઞાન, ભક્તિનો અનુભવ થાય તે માટે રાજ્યમાં આવેલી તમામ સરકારી તેમજ ખાનગી તથા ગ્રાંટ ઇન એઇડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અંબાજી ૫૧ શક્તિપીઠ પરિક્રમા ખાતે પ્રવાસ/પર્યટનનું આયોજન થાય તે બાબતે શાળાઓને સુચના થાય તેવી વિનંતી સંદર્ભ પત્રથી કરેલ છે.

રાજ્યની સરકારી તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડી.ઇ.ઓ./અત્રેની કચેરી દ્વારા સ્થાનિક તથા રાજ્ય બહાર પ્રવાસ કરવા માટે મંજુરી આપવામાં આવે છે. શાળાઓ દ્વારા યોજાતા પ્રવાસમાં સુચનાઓ જારી કરવામાં આવે છે. શિક્ષણ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૨૨૦૧૯/૯૯/વ.૨ માં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને વખતો-વખત અત્રેથી થયેલા પરિપત્રની સુચનાઓનું શાળાઓ દ્વારા પાલન કરવામાં આવે તે અંગે દરેક ડી.ઇ.ઓ.એ ચુસ્તપણે અમલ કરાવવાનો રહેશે.

નાયબ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક શાખા)
ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટનો તા.૧૩/૦૪/૨૦૨૪ નો પત્ર

Signature Not Verified
Signed by: Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.05.21 13:07:58

File No: COS/SEC/e-file/276/2024/1198/SECONDARY
Approved By: Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ
SHREE ARASURI AMBAJIMATA DEVSTHAN TRUST
પો. અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠા (ગુજરાત) ફોન : (02749) 262136, 262636 ફેક્સ : (02749) 264536, 262931
Po. Ambaji Ta. Danta, Dist. Banaskantha, Gujarat (INDIA) Ph : (02749) 262136, 262636 Fax : (02749) 264536, 262931

વહીવટદાર અને નાયબ-કલેક્ટર,
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી

ADMINISTRATOR & DY. COLLECTOR
SHREE ARASURI AMBAJIMATA DEVSTHAN TRUST, AMBAJI

નં.અમ/ટે.ઈ./૫૧ શકિતપીઠ પરિક્રમા/પ્રવાસ/૨૦૨૪/૮૯ તા. ૨૩/૦૪/૨૦૨૪

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
6868
02 MAY 2024

પ્રતિ,
મે.કમિશ્નર ઓફ શાળાઓ,
ર્ડા જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર,

**વિષય : શ્રી ૫૧ શકિતપીઠ ગબ્બર પરિક્રમા અંબાજી ખાતે શાળાઓના પ્રવાસ/ પર્યટન કાર્યક્રમનુ આયોજન થવા બાબત.**

**માનનીય શ્રી.**

સવિનય ઉપરોકત વિષય પરત્વે જયઅંબે સહ જણાવવાનું કે, વિશ્વની સૌથી પ્રાચીન ગિરીમાળા એવી અરવલ્લીની ગિરીમાળામાં આવેલ અંબાજીધામ,અંબાજી, તાલુકો–દાંતા,જિ–બનાસકાંઠા ખાતે માં જગદંબા નુ હ્રદય સ્થાન છે. અંબાજી એ ભારતમાં આવેલી વિવિધ શકિતપીઠોમાં પ્રમુખ છે.અહી પર્વતો છે, ખીણો છે, વન છે, સરસ્વતી નદીનુ ઉદગમ સ્થાન છે. આમ કુદરતી સૌંદર્યથી ભરપુર એવા અંબાજી ખાતે અંબાજીનુ સુવર્ણ જડિત શિખર વાળુ મંદિર, તથા ગબ્બર પર્વત, કોટેશ્વર મહાદેવ, કુંભારીયા જૈન તીર્થ, માંગલ્યવન, માનસરોવર, કૈલાશ ટેકરી, જેવા વિવિધ જોવાલાયક સ્થળો આવેલા છે. આ બધા સ્થળોની સાથે–સાથે અંબાજી નજીક આવેલ ગબ્બર પર્વત નજીક ૫૧ શકિતપીઠો સ્થાપવામાં આવેલ છે. ભારતભરમાં તથા શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન બાંગ્લાદેશ, માં આવેલ વિવિધ ૫૧ શકિતપીઠોના જેવાજ માતાજીનાં મંદિરો અહી બનાવવામાં આવેલા છે. તથા દરેક મંદિરમાં જે તે શકિતપીઠમાં થતી માતાજીની પુજા–અર્ચના પધ્ધતી મુજબ પુજા યાચના કરવામાં આવે છે. ૫૧ શકિતપીઠની સ્થાપના સને–૨૦૧૪ માં ગબ્બર પર્વતની ફરતે આશરે (૨.૭ કિ.મી) વિસ્તારમાં ફરતે પરીક્રમા પથ બનાવેલ છે. ૫૧ શકિતપીઠ ગબ્બર ખાતે દર વર્ષે ફેબ્રુઆરી માસમાં ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવનુ આયોજન કરવામાં આવે છે, તથા રાજયભર માંથી લાખો શ્રધ્ધાળુઓ અહીયા પરિક્રમા તથા માતાજીના દર્શનનો લાભ લેવા આવે છે. હાલમાં દિવસે–દિવસે ૫૧ શકિતપીઠની પરિક્રમાનુ મહત્વ ખુબજ વધતુ જાય છે. અને રોજે રોજ ભકતો આ ૫૧ શકિતપીઠની પરીક્રમા કરીને સાથે–સાથે માતાજીનાં સ્થાન ગબ્બર પર્વતમાં આવેલ માતાજીના દર્શન કરી તથા ધન્યતા અનુભવે છે.

3/5/2024